જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૧૮ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦/૧૮

### બિહાર રાજ્યના હાજીપુરા ટાઉન પોલીસ સ્ટેશનના બળાત્કારના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ.શ્રીએમ.કે.ઝાલા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાનપો.કો.દશરથભાઇ નાગજીભાઇ તથા પો.કો.વિક્રમસિંહ જીલુભા નાઓને મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર જુહાપુરા હાજીબાવાની કુઇ ત્રણ રસ્તા પાસેથી આરોપી સુનીલકુમારસિંહ ઉર્ફે ડબલું s/o જગન્નાથસિંહ જાતે સિંહ ઉવ.૪૦ ધંધોઃનોકરી રહે, દુકાન નં.૨૪, અલ્બુજ કોમ્પલેક્ષ, મકરબા, અમદાવાદ મુળ રહે, ગામ:ગોરૌલ ચકવ્યાસ, જી.વૈશાલી બિહાર નાને ઝડપી લેવામાં આવેલ. જેની પુછપરછ કરતાં અગાઉ પોતે બિહાર ખાતે રહેતો હતો ત્યારે તેના તથા તેની પત્ની નિશાસિંહ તથા ભાઇ અનીલસિંહ તથા ભાભી ચંચલાદેવી નાઓ વિરુધ્ધમાં સોનીકુમારી ઉર્ફે માહીસિંગ નાઓએ બળાત્કારનો ગુનો દાખલ કરાવેલ છે જે ગુનામાં વોન્ટેડ હોવાની હકીકત જણાવેલઉપરોકત બાબતે તપાસ કરાવતાંબિહાર રાજ્યના હાજીપુરા ટાઉન પોલીસ સ્ટેશન ફગુ.ર.નં.૭૨૫/૧૭ ઇપીકો કલમ ૩૭૬, ૩૧૩, ૩૭૯, ૩૨૮, ૪૨૦, ૫૦૬ વિગેરે મુજબનોગુનો દાખલ થયેલ હોય અને સદર આરોપી વોન્ટેડ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૮ ના કલાક૧૫/૩૦વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરીવધું તપાસ અર્થે બિહાર રાજ્યના હાજીપુરા ટાઉન પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## મર્ડરના ગુનામાં પકડાયેલ અને છેલ્લા એક વર્ષથીપેરોલ જમ્પ કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રીવી.એચ.જાડેજા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પો.કો.વિજેન્દ્ર ભવરલાલ તથા પો.કો.વિજયસિંહ બળવંતસિંહ નાઓની સંયુકત બાતમી હકીકત આધારેવટવા તસ્લીમ સોસાયટીના નાકા આગળથી શાહનસીમખાન નુરપરસ્તખાન પઠાણ રહે, બીબી તળાવની સામે, વટવા, અમદાવાદ શહેરને ઝડપી લેવામાં આવેલ. સદરી ઇસમની પુછપરછ કરતાં સને ૨૦૧૫ માં ખુનના ગુનામાં વટવા પોલીસ સ્ટેશનમાં પકડાયેલ અને આ ગુનામાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગયેલ અને માહે ૧૨/૨૦૧૬ ના મહીનામાં દિન-૧૨ ની પેરોલ રજા મેળવેલ જે પેરોલ રજા પુરી થયા બાદ પોતે જેલમાં હાજર નહી થઇ પેરોલ રજા ઉપરથી જમ્પ કરી નાસતો ફરતો હતોની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૮ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશન :

મહે.પોલીસ કમિશ્નર શ્રી, અ'વાદ શહેર તથા મહે.ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર – ૧ તથા મહે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૩, અ'વાદ શહેર તથા મહે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "ઇ" ડિવીઝન અ'વાદ શહેરનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ તેમજ ખાડીયા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ.શ્રી જી.એસ.શ્યાન નાઓના માર્ગદર્શન તથા પો.કમિ.સા.શ્રી અમદાવાદ શહેરનાઓના જાહેરનામા ક્રમાંક નંબર:ગ/ ઉપક/ લાયસાન્સ શાખા/ ૪૪૩૫/૨૦૧૭ તા.૧૭/૧૨/૧૭ના આધારે પ્રતિબંધીત ચાઇનીઝ તુક્કલ તથા ચાઇનીઝ દોરીનુ વેચાણ કરતા ઇસમો વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ અત્રેના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી તથા સાથેના અ.પો.કો. માલજીભાઇ નાથુભાઇ બ.નં.-૪૩૯૦ તથા અ.પો.કો. યોગન્દ્રસિંહ રઘુવીરસિંહ બ.નં.-૧૪૭૮ તથા અ.પો.કો. દિનેશકુમાર વિશવનાથ બ.નં.-૩૧૩૨ તથા અ.પો.કો હિતેન્દ્રસિંહ જગદિશસિંહ બ.નં-૫૫૬ નાઓની ટીમ બનાવી પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા જે દરમ્યાન બાતમી હકિકત આધારે વિજય ફાયર ફેકર્સ નામની દુકાનની આગળ જાહેરમાં એક ઇસમ પાસેથી ગેરકાયદેસરની ચાઇનીઝ તુક્કલ નંગ- ૧૦ મળી આવેલ જે એક નંગની કિંમત રૂપીયા- ૨૦/- લેખે રૂ.- ૨૦૦/- ની મતાના ચાઇનીઝ તુક્કલો મળી આવેલ જે ચાઇનીઝ તુક્કલો પતંગોની વચ્ચે છુપાવીને રાખેલ હોય જે રેઇડ દરમ્યાન મળી આવેલ હોય જેથી તેની વિરૂધ્ધમાં મે. પો.કમિ.સા. શ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામા ક્રમાંક નંબર : ગ/ ઉપક/ લાયસાન્સા શાખા/ ૪૪૩૫/૨૦૧૭ તા.૧૭/૧૨/૧૭ના જાહેરનામાનો ઉલ્લંઘન થયેલ હોય તેની વિરૂદ્ધ ઇ.પી.કો. કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ ૧૩૧,૧૧૭ મુજબ ખાડીયા પો.સ્ટે સે.ગુ.ર.નં.-૩૦૦૨/૧૮ દાખલ કરાવી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા.-૦૩/૦૧/૨૦૧૮

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

દાણીલીમડા પોલીસ સ્ટેશન તથા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરી કરવાની પ્રવૃત્તિ કરનાર ઇસમ વિરુધ્ધ (૧) વટવા પો.સ્ટે ફ ગુરનં- ૩૫૬/૧૭ ઈપીકો કલમ-૩૭૯ મુજબ તથા (૨) દાણીલીમડા પો.સ્ટે.ફ ગુ.ર.નં.૧૫૦/૧૭ ઈપીકો કલમ-૩૭૯ મુજબના ગુનાઓ નોંધાયેલ જે ગુનાઓમાં પકડાયેલ આરોપી યુસુફખાન ઉર્ફે સોનુ ઉર્ફે બાબા સ/ઓ ઐયુબખાન મુસ્તુફાખાન જાતે- પઠાણ ઉવ.૨૦ રહે- અલ અમન સોસાયટી સિરાજભાઇના મકનમાં અલ મુબારક રો- હાઉસની બાજુમાં હિમાલયા બેકરી પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાની વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૮/૨૦૧૮ તા.0૩/0૧/૨૦૧૮ પાસા અટકાયતમા લેવાનો હુકમ કરતા ઉપરોકત પાસા અટકાયતી નામે યુસુફખાન ઉર્ફે સોનુ ઉર્ફે બાબા સ/ઓ ઐયુબખાન મુસ્તુફાખાન જાતે- પઠાણ ઉવ.૨૦ રહે- અલ અમન સોસાયટી સિરાજભાઇના મકનમાં અલ મુબારક રો- હાઉસની બાજુમાં હિમાલયા બેકરી પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાને તા.0૩/0૧/૧૮ ના કલાક ૨૨/૪૫ વાગ્યે પાસા હુકમની બજવણી જરુરી જાપ્તાના માણસો સાથે જામનગર જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરી કરવાની પ્રવૃત્તિ કરનાર ઇસમ વિરુધ્ધ અત્રેના પો.સ્ટે ખાતે (૧) દાણીલીમડા પો.સ્ટે ફ ગુરનં- ૧૨૫/૧૭ ઈપીકો કલમ-૩૭૯ મુજબ તથા (૨) દાણીલીમડા પો.સ્ટે.ફ ગુ.ર.નં.૧૨૬/૧૭ ઈપીકો કલમ-૩૭૯,મુજબ તથા (૩) દાણીલીમડા પો.સ્ટે ફ ગુરનં- ૧૨૭/૧૭ ઈપીકો કલમ ૩૭૯ મુજબ તથા (૪) દાણીલીમડા પો.સ્ટે ફ ગુરનં- ૧૨૮/૧૭ ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાઓ નોંધાયેલ જે ગુનાઓમાં પકડાયેલ આરોપી નુરમંહમદ ઉર્ફે મુરઘી સ/ઓ અહેમદહુસેન જાતે-શેખ ઉવ.૧૯ રહેવાસી-૭ રોનકપાર્ક સોઢણ તલાવડી પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાની વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૭/૨૦૧૮ તા.0૩/0૧/૨૦૧૮ પાસા અટકાયતમા લેવાનો હુકમ કરતા ઉપરોકત પાસા અટકાયતી નામે નુરમંહમદ ઉર્ફે મુરઘી સ/ઓ અહેમદહુસેન જાતે-શેખ ઉવ.૧૯ રહેવાસી-૭ રોનકપાર્ક સોઢણ તલાવડી પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાને તા.0૩/0૧/૧૮ ના કલાક ૨૩/00 વાગ્યે પાસા હુકમની બજવણી જરુરી જાપ્તાના માણસો સાથે ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

## મણીનગર પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ' જે ' ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર ખાતે બનતા મીલકત સંબધી કોઝ્ની ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારુ અવાર-નવાર મળેલ સુચનાઓને આધારે મણીનગર પોલીસ સ્ટેશન સિની.પોલીસ ઇન્સપેકટર શ્રી વી.બી.બારડ નાઓની સુચના મુજબ સર્વેલન્સ પો.સ.ઈ શ્રી ટી.એન મોરડીયા તથા સાથેના સ્ટાફના માણસો સાથે મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા રાત્રીના પેટ્રોલીંગમા હતા તે દરમીયાન એક ઈસમ નામે પ્રભાત ઉર્ફે પીંટુ બચુભાઈ જાતે લોધા ઉ.વ ૩૩ રહે મનં ૮૬૨ રુગનાથ પીઠ ખાડીયા પો.સ્ટેની સામે રાયપુર અમદાવાદ શહેર નાઓને મણીનગર જવાહર ચોક જલારામ કોમ્પલેક્ષ ખાતે આવેલ મેડીકલ ની દુકાનનુ શટરનુ તાળુ તોડી મેડીકલ ની દુકાનમા પ્રવેશ કરી રોકડા રુપીયા ૫૫૦/- ની ચોરી કરતા પકડી લીધેલ અને સદરી ઈસમની ઝડતી કરતા સદરી ઈસમની પાસેથી રુપીયા ૫૫૦/- રોકડા રુપીયા તેમજ એક લોખંડની છીણી તથા એક લોખંડની પાઈપનો ટુકડો તથા એક મો.સા નં જીજે ૨૭ જે ૮૬૪૫ નાની સાથે મળી કુલ્લે રુપીયા ૧૦૫૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી અત્રેના પો.સ્ટે ખાતે ફ.ગુ.ર.નં ૦૨/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનોહ ડીટેક્ટ કરી આરોપી વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરેલ છે

---

## સાબરમતી પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પો.કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધીની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં મિલ્કત સંબંધી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે મિલ્કત સંબંધી ગુનો આચરનાર નામે સુનિલકુમાર રતીલાલ મુળજીભાઇ રાઠોડ ઉ.વ.28 ધંધો–નોકરી રહે રોહીતવાસ રામજી મંદીર પાસે ગામ ડાગરવા (ડાભી) તા-કડી જીલ્લો-મહેસાણા નાની વિરુધ્ધ ઘરફોડ ચોરીમાં પકડાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના હુકમ કમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૫/૨૦૧૮ તા:૦૨/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને તા:૦૨/૦૧/૨૦૧૮ ના ક.૧૯/૪૫ વાગે પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

---

## સરખેજ પોલીસ સ્ટેશન :

સરખેજ પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૦૩/૧૭ ઘી ઇ પી કો કલમ ૩૭૯ મુજબના કામે આરોપીઓ તથા મો સા કિ રુ ૨૫,૦૦૦/નો મુદામાલ રીકવર કરતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

આજરોજ સંયુકત પોલીસ કમીશ્નર સાહેબ શ્રી સેકટર ૧ તથા નાયબ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ઝોન ૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ લુટના ગુન્હા બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલ્કત સંબધી બનાવો શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ અમારા સીધા માગદર્શન હેઠળ પો સબ ઇન્સ પી એન ખોખરા સા તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો કોન્સ પ્રવિણભાઇ દેવાભાઇ બ નં ૪૩૫૮ તથા પો કોન્સ નરેન્દ્રસિંહ દાનસિંહ બનં ૧૦૦૩૫ નાઓની બાતમી હકિકત આધારે આરોપીઓ નામે (૧) ઇસ્તીયાકઅહેમદ ઉર્ફે હલેલા સ/ઓ મુસ્તાકઅહેમદ શેખ ઉવ ૨૭ રહે આમીના મસ્જીદની પાછળ આવેલ કાચા છાપરામાં સંકરની કીટલી પાસે સોનલ રોડ વેજલપુર અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ તથા પાછળ બેસેલ ઇસમનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ (૨) આદીલખાન ઉર્ફે ભાભા સ/ઓ ઇમદાદખાન પઠાણ ઉવ ૨૧ રહે મનં ૧૮૬૩/૪ ખાનપુર- સૈયદવાડા ગન હાઉસની પાછળ ખાનપુર અમદાવાદ શહેર નાઓના કબ્જામાંથી એક હોન્ડા કંપનીનો સાઇન મો સા જેનો આર ટી ઓ નંબર GJ-03-DE-337 નો જેનો એન્જી નં JC36E2103381 તથા ચેચીસ નં। ME4JC36CGA8072167 ની જેની કિમત રુ।૨૫,૦૦૦/-ની મતાનો મુદામાલ રીકવર કરી સદરી આરોપીઓને આજરોજ તા ૦૩।૦૧।૨૦૧૮ ના કલાક ૨૦।૦૦ વાગે પકડી અટક કરી સરખેજ પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૦૩/૧૮ ઘી ઇ પી કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૦૩।૦૧।૨૦૧૮

**(પર-પ્રાંતીય) ઈંગ્લીશ દારૂ ૧૨૬ બોટલો તથા મો.ફોન તથા ઈક્કો ફોર વ્હીલર કાર મળી કુલ્લે કિ.રૂ-૩,૨૧,૮૦૦/-ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ સાથે આરોપીઓને ઝડપી પાડતી નારોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૦૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૬ સાહેબ તથા અધિક મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગ દર્શન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એ.જાદવ સાહેબ નાઓની સુચનાંથી તા:-૦૩/૦૧/૨૦૧૮ ના રોજ પો.સબ.ઈન્સ એ.એસ.પરમાર સાહેબ તથા અ.હે.કોન્સ ઈન્તેખાબઆલમ મુખતારહસન બ.નં-૯૩૫૪ તથા અ.પો.કોન્સ હિમતલાલ મથુરામભાઈ બ.નં-૪૧૧૪ તથા અ.પો.કોન્સ મયુરધ્વજસિંહ ધર્મેન્દ્રસિંહ બ.નં-૮૯૮૭ તથા અ.પો.કોન્સ જીલુભાઈ મેરામભાઈ બ.નં-૫૫૨૧ તથા અ.પો.કોન્સ અભિજીતસિંહ કાકુભા બ.નં-૬૨૦૭ તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.સબ.ઈન્સ એ.એસ.પરમાર સાહેબ નાઓને બાતમી હકીકત મળતા હકીકત આધારે નારોલ ટી ચાર રસ્તા પાસે વોચ ગોઠવી બાતમી હકીકત વાળી વ્હાઈટ કલરની ઈક્કો ફોર વ્હીલર કાર જેનો આર.ટી.ઓ.નં-જી.જે.૦૨.બી.પી-૧૧૬૫ નાની ફોર વ્હીલર કારને કોર્ડન કરી રોકી લીધેલ અને સાઈડમા કરી તેમા બેસેલ બે ઈસમોને નીચે ઉતારી નાંમ-ઠામ પુછતા નં-(૧) યાકુબભાઈ મોંહમદખાન જાતે ભાટી (મુસ્લીમ) ઉ.વ-૪૦ રહે, ગામ-મંડાર બાપુનગર મોહલ્લો સરકારી હોસ્પીટલની બાજુમા તાલુકો:- રેવદર જીલ્લો- સિરોહી રાજસ્થાન રાજ્ય તથા નં-(૨) હૈદરખાન લશ્કરખાન જાતે ચૌહાણ (મુસ્લીમ) ઉ.વ-૪૨ રહે, ખોખરવાડો ખાડીયાવાસ શ્રીમાળી વાડાની બાજુમા ગામ-ખેરાલુ તાલુકો-ખેરાલુ જીલ્લો-મહેસાણા નાંનુ હોવાનુ જણાવેલ અને તેઓની ઈક્કો ફોર વ્હીલર કારમા તપાસ કરતા બનાવેલ ચોર ખાનામાંથી ઈંગ્લીશ (પરપ્રાંતીય) દારૂ ભરેલ બોટલો મળી આવેલ. જે વારા ફરતી ગણી જોતા કુલ-૧૨૬ બોટલો થાય છે. જે જોતા કુલ નંગ-૧૨૬ જે અરૂણાચલ પ્રદેશ રાજયની શીલબંધ હાલતમાં જે નંગ-૦૧ની કિ.રૂ-૫૫૦/- ની ગણી કુલ્લે નંગ-૧૨૬ની કિ.રૂ-૬૯,૩૦૦/-ની ગણી શકાય તે તથા મોબાઈલ ફોન તથા ઈક્કો ફોર વ્હીલર કાર મળી કુલ્લે કિ.રૂ-૩,૨૧,૮૦૦/-નો પ્રોહી મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય અને પ્રોહીનો જથ્થો ભરી આપનાર પુરી નામના ઈસમને વોન્ટેડ ગણી સદર આરોપીઓ વિરૂધ્ધમાં પ્રોહી ગુ.ર.નં-૫૦૦૬/૧૮ ધી પ્રોહી એક્ટ કલમ-૬૬,(૧)(બી),૬૫(એ),(ઈ),૧૧૬બી.૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરી તા:-૦૩/૦૧/૨૦૧૮ ના કલાક-૨૨/૦૦ વાગે પકડી અટક કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

---

**(પર-પ્રાંતીય) ઈંગ્લીશ દારૂ ૨૧૬ બોટલો તથા મો.ફોન તથા મહીન્દ્રા બોલેરો ફોર વ્હીલર માલવાહક ગાડી મળી કુલ્લે કિ.રૂ-૩,૫૪,૨૦૦/-ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી નારોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૦૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૬ સાહેબ તથા અધિક મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગ દર્શન હેઠળ તા:-૦૩/૦૧/૨૦૧૮ ના રોજ સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એ.જાદવ સાહેબ તથા પો.સબ.ઈન્સ એ.એસ.પરમાર સાહેબ તથા અ.હે.કોન્સ ઈન્તેખાબઆલમ મુખતારહસન બ.નં-૯૩૫૪ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ હરીસિંહ બ.નં-૪૪૦૭ તથા અ.પો.કોન્સ મયુરધ્વજસિંહ ધર્મેન્દ્રસિંહ બ.નં-૮૯૮૭ તથા અ.પો.કોન્સ જીલુભાઈ મેરામભાઈ બ.નં-૫૫૨૧ તથા અ.પો.કોન્સ નિલેશભાઈ ગીરીશભાઈ બ.નં-૧૫૧૮ તથા અ.પો.કોન્સ હિમતલાલ મથુરામભાઈ બ.નં-૪૧૧૪ તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એ.જાદવ સાહેબ નાઓને બાતમી હકીકત મળતા હકીકત આધારે નારોલ રંગોલીનગરના નાંકે બ્રીજ પાસે વોચ ગોઠવી બાતમી હકીકત વાળી વ્હાઈટ કલરની મહીન્દ્રા બોલેરો ફોર વ્હીલર માલવાહક ગાડી જેનો આર.ટી.ઓ. નં-જી.જે.૦૮.વાય-૪૨૮૧ નાની ગાડીને કોર્ડન કરી રોકી લીધેલ અને સાઈડમા કરી તેમા બેસેલ ડ્રાઈવર ઈસમને નીચે ઉતારી નાંમ-ઠામ પુછતા તેને પોતાનુ નાંમ બગદારામ હાજરાજી જાતે ભીલ (આદીવાસી) ઉ.વ-૩૫ રહે, મ.નં-૫૮ રવાસીવાસ ગામ-અમરાપુરા તાલુકો- રેવદર જીલ્લો- સિરોહી રાજસ્થાન નાંનુ હોવાનુ જણાવેલ અને તેઓની બોલેરો ફોર વ્હીલર માલવાહક ગાડીમા પાછળના ભાગે તપાસ કરતા બનાવેલ ચોર ખાનામાંથી ઈંગ્લીશ (પરપ્રાંતીય) દારૂ ભરેલ બોટલો મળી આવેલ. જે વારા ફરતી ગણી જોતા કુલ-૨૧૬ બોટલો થાય છે. જે જોતા અરૂણાચલ પ્રદેશ રાજયની શીલબંધ હાલતમાં જે નંગ-૦૧ની કિ.રૂ-૫૫૦/- ની ગણી કુલ્લે નંગ-૨૧૬ની કિ.રૂ-૧,૧૮,૮૦૦/-ની ગણી શકાય તે તથા મોબાઈલ ફોન તથા બોલેરો ફોર વ્હીલર ગાડી મળી કુલ્લે કિ.રૂ-૩,૫૪,૨૦૦/-નો પ્રોહી મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય અને પ્રોહીનો જથ્થો ભરી આપનાર પુરી નામના ઈસમને વોન્ટેડ ગણી સદર આરોપીઓ વિરૂધ્ધમાં પ્રોહી ગુ.ર.નં-૫૦૦૭/૧૮ ધી પ્રોહી એક્ટ કલમ-૬૬,(૧)(બી),૬૫(એ),(ઈ),૧૧૬બી.૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરી તા:-૦૩/૦૧/૨૦૧૮ ના કલાક-૨૩/૪૦ વાગે પકડી અટક કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

---

## સુરક્ષા સેતુ રથ:

ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.